ગાંધીનગર સમાચાર

ગુજરાતી કલા જગતનો કાળો દિવસ

# અલવિદા... નરેશ કનોડિયા


## મહેશ-નરેશની જોડીએ અમરત્વ પ્રાપ્ત કર્યું





















### નરેશ કનોડિયાનું જીવન અને ફિલ્મી સફર

નરેશ કનોડિયાનો જન્મ ૨૦ ઓગસ્ટ ૧૯૪૩ના રોજ મોઢેરાથી નજીક આવેલા મહેસાણા જિલ્લાના બહુચરાજી તાલુકાના કનોડા ગામમાં થયો હતો. નરેશ કનોડિયાએ ફિલ્મ 'વેલીને આવ્યા ફૂલ્લ્ થી પોતાના ફિલ્મી કરિયરની શરૂઆત કરી હતી. નરેશ કનોડિયાએ અનેક ગુજરાતી હિટ ફિલ્મો આપી છે. તેઓએ ૭૨ અભિનેત્રીઓ સાથે કામ કર્યું છે. ૧૫૦ જેટલી ફિલ્મોમાં સંગીત આપ્યું છે. તેમણે ૧૯૭૦થી ગુજરાતી ફિલ્મોમાં કામ શરુ કર્યું હતું. આ સાથે ૪૦ વર્ષ સુધી ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝમાં કામ કર્યું છે અને ૬૩થી પણ વધારે ફિલ્મોમાં અભિનય કર્યો છે. આ ઉપરાંત 'છોટા આદમી' નામની હિન્દી ફિલ્મમાં પણ કામ કર્યું હતું. નરેશ



કનોડિયાએ રીમા સાથે લગ્ન કર્યાં છે. તેમને એક પુત્ર હિતુ કનોડિયા છે. હિતુ કનોડિયા પણ ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝના સ્ટાર છે. હિતુ કનોડિયાએ ગુજરાતી એક્ટ્રેસ મોના થીબા સાથે લગ્ન કર્યા છે. તેમને પણ એક રાજવીર નામનો પુત્ર છે. નરેશ કનોડિયા પરિવાર સાથે ગાંધીનગરમાં રહેતા હતાં. તેમની સાથે જ મોટા ભાઈ મહેશ કનોડિયા પણ રહેતા હતાં. મહેશ કનોડિયાનો જન્મ પણ ૨૭ જાન્યુઆરી ૧૯૩૭ના રોજ કનોડા ગામમાં જ થયો હતો.

### નરેશ કનોડિયાની સફળ ફિલ્મો

નરેશ કનોડિયાએ અત્યાર સુધીમાં ૧૨૫થી વધુ ફિલ્મોમાં કામ કર્યુ છે. તેમણે હિરણને કાંઠે, મેરુ માલણ, ઢોલામારુ, મોતી વેરાણા ચોકમા, પાલવડે બાંધી પ્રીત, પરદેશી મણિયારો, વણઝારી વાવ, તમે રે ચંપો ને અમે કેળ, જોડે રહેજો રાદ, પારસ પદમણી, કાળજાનો કટકો, બેની હું તો બાર વરસે આવીયો, વટ, વચન ને વેર, લાડી લાખની સાયબો સવા લાખનો જેવી અનેક સફળ ફિલ્મો આપી છે. તેમણે વેલીને આવ્યા ફૂલ ફિલ્મતી અભિનેતા તરીકેની કારકિર્દીની શરૂઆત કરી હતી. તેમણે અનેક હિટ ગુજરાતી ફિલ્મ્સ આપી છે. તેમની અને અભિનેત્રી સ્નેહલતાની જોડી હતી. નરેશ કનોડિયાની હિટ ફિલ્મોએ ગુજરાતી ફિલ્મ નિર્માતાઓને ધૂમ કમાણી કરાવી આપી હતી.

મહેશ કનોડીયાએ ગુજરાતી સહિત હિન્દી-કન્નડ ફિલ્મોમાં સંગીત આપ્યું હતું મહેશ કનોડિયા પોતાના અવાજ માટે ખૂબ જાણીતા હતાં. તેઓએ અનેક ફિલ્મોમાં ગીતો ગાયાં છે. એમાંય ખાસ કરીને મહિલાના અવાજમાં તેમનાં ગીતોને કારણે તેમની ભારે લોકપ્રિયતા રહી હતી. મહેશ કનોડિયાએ ગુજરાતી ફિલ્મો ઉપરાંત ગરબા, લોકસંગીત, અને અન્ય ગેર ફિલ્મી આલ્બમોમાં પણ સંગીત આપ્યું છે. આ સિવાય તેમણે છોટા આદમી, મેરી દોસ્તી તેરા પ્યાર, હસીના માન જાયેગી, આઝાદી કે દિવાને, રફુચક્કર, રાજા ઔર રાના, કૌન, લાજવંતી, કુરબાની, મેરા ફેંસલા, પ્યાર મહોબત, મજે લે લો, તેરે પ્યાર મેં અને આવારા લડકી જેવી અનેક હિન્દી ફિલ્મોમાં પણ સંગીત આપ્યું છે. આ સિવાય કન્નડ ફિલ્મ ''અપૂર્વ કન્નસુમ'' માં પણ સંગીતકાર તરીકેની ભૂમિકા ભજવી છે. ''નીલી આંખે'' નામની હિન્દી વીડિયો ફિલ્મમાં પણ સંગીત આપ્યું છે. આ વીડિયો ફિલ્મનાં ગીતો હસરત જયપુરીએ લખ્યાં હતાં. તેમનાં ઘણાં ગીતો લતા મંગેશકર, મુકેશ, આશા ભોંસલે, મહંમદ રફી, મન્ના ડે,



યસુદાસ, કિશોરકુમાર, ઉષા મંગેશકર, સુરેશ વાડકર, મહેન્દ્ર કપુર, કવિતા ક્રિષ્ણમૂર્તિ, અનુરાધા પૌડવાલ, ઉદિત નારાયણ, શબ્બીરકુમાર, કરસન સાગઠિયા જેવાં દિગ્ગજોએ ગાયેલાં છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, સોશિયલ મીડિયાના આ જમાનામાં થોડાંક દિવસો પહેલાં મહેશ કનોડિયા અને નરેશ કનોડિયાનો એક સાથે ગાયેલા ગીતનો વીડિયો વાયરલ થયો હતો. જેમાં આ બંન્ને ભાઈઓ 'તેરે બિના ભી ક્યા જીનાલ્લ ગીત સાથે ગાયું હતું. ત્યારે રવિવારે ૨૫મીએ મહેશ કનોડિયાનું નિધન થયું હતું જ્યારે તેના ત્રીજા જ દિવસે મંગળવારના રોજ આજે નરેશ કનોડિયાનું નિધન થયું. જેથી અહીં તેમના 'તેરે બિના ભી ક્યા જીના' ગીતના શબ્દો પુરવાર થાય છે.

### મહેશભાઈને શરદી થાય એટલે મને પણ થાય : નરેશ કનોડિયા

નરેશ કનોડીયાએ એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે, ''અમે ભલે અલગ-અલગ સમયે જન્મ્યા હોઈએ પણ અમે એકબીજાથી એટલાં જોડાયેલા છીએ કે જો મહેશભાઈને શરદી થાય તો મને પણ થાય. એમનું ગળું ખરાબ થાય તો મારું પણ ગળું ખરાબ થાય. અમે ક્યારેય અલગ રહી જ ના શકીએ. નરેશ કનોડિયાના ઈન્ટરવ્યુ મુજબ જ તેઓએ પણ તેમના મોટાભાઈના નિધનના ત્રીજા જ દિવસે આ દુનિયામાંથી વિદાય લીધી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સોશિયલ મીડિયાના જમાનામાં થોડા દિવસો પહેલા મહેશ કનોડિયા અને નરેશ કનોડિયાનો એકસાથે ગીત ગાતા હોય તેવો વીડિયો વાયરલ થયો હતો. બંન્ને ભાઈઓ 'તેરે બિના ભી ક્યા જીના' ગીત સાથે ગાયુ હતુ. ગત રવિવારે જ મહેશ કનોડિયાનું નિધન થયું હતું. અને તેમના નાના ભાઈ નરેશ કનોડિયાનું અમદાવાદની યુ એન મહેતામાં કોરોનાની સારવાર દરમિયાન આજે નિધન થયું છે.

### નરેશ કનોડિયાના કેટલાક સુપરહીટ ચલચિત્રો

જોગ-સંજોગ, હિરણને કાંઠે, મેરૂ માલણ, ઢોલામારૂ, માબાપને ભૂલશો નહી (ઉપેન્દ્ર ત્રિવેદી સાથે), મોતી વેરાણા ચોકમાં, પાલવડે બાંધી પ્રીત, ભાથીજી મહારાજ, પરદેશી મણિયારો, વણજારી વાવ, તમે રે ચંપો ને અમે કેળ, જુગલ જોડી(અસરાની સાથે), તાનારીરી, વેણીને આવ્યાં ફૂલ, જીગર અને અમી (સંજીવકુમાર સાથે), કડલાની જોડ (કિરણકુમાર સાથે), સાયબા મોરા (કિરણકુમાર સાથે), રાજકુંવર (અરવિંદકુમાર સાથે), ટહુકે સાજણ સાંભરે, લોહી ભીની ચુંદ્ડી, વીર બાવાવાળો, કંકુની કિંમત(ડેની, વિનોદ મેહરા અને બિંદીયા ગોસ્વામી સાથે), સંત સવૈયાનાથ, હિરલ હમીર, ધંતીયા ઓપન, બાપ ધમાલ,દીકરા કમાલ (હીતુ કનોડિયા સાથે), જોડે રહેજો રાજ, પારસ પદમણી(રાજીવ સાથે), કાળજાનો કટકો (રણજીત રાજ સાથે), બેની હું તો બાર બાર વરસે આવીયો, વટ વચન ને વેર, લાડી લાખની સાયબો સવા લાખનો, કેશર ચન્દન, નર્મદાને કાંઠે, મહેંદી રંગ લાગ્યો, વિશ્વકર્મા, રાજ રતન, સાજણ હૈયે સાંભરે (મણિરાજ બારોટ સાથે), પંખીડા ઓ પંખીડા, તારી મહેંદી મારે હાથ, ઉજળી મેરામણ, વટનો કટકો (અરૂણ ગોવિલ સાથે), ઉંચા ખોરડાની ખાનદાની, દુ:ખડા ખમે ઈ દીકરી, સોનલ સુંદરી, શેરને માથે સવાશેર(દિપક ઘીવાળા સાથે), ગરવો ગુજરાતી, ઊંચી મેડીના ઊંચા મોલ, અખંડ ચુડલો, મેરૂ મુળાંદે, શ્રી નાગદેવ કૃપા, પ્રીત પાંગરે ચોરી ચોરી, આંગણિયા સજાવો રાજ, દોઢ ડાહ્યા, દલડું લાગ્યું સાયબાના દેશમાં, મન સાયબાની મેડીએ, રૂડો રબારી, હાલો આપણા મલકમાં, સૌભાગ્ય સિંદુર(નિરૂપા રોય સાથે), ઓઢું તો ઓઢું તારી ચુંદડી, છોટા આદમી (હિંદી), પરભવની પ્રીત, સાજણ તારા સંભારણા, રઢિયાળી રાત, મરદનો માંડવો, ઢોલી તારો ઢોલ વાગે, પટેલની પટેલાઈ ઠાકોરની ખાનદાની, ઢોલામારુ(રાજસ્થાની), ધરમભાઈ(રાજસ્થાની), બીરો હોવે તો ઐસો(ઊંચી મેડીના ઊંચા મોલનું રાજસ્થાની ડબિંગ વર્ઝન), હિરલ હમીર (હિન્દી, ડબિંગ વર્ઝન)





